બ્રિજકોર્સ-ક્લાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ 2021-22માં ધોરણ 8માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

ધોરણ 8

# ગુજરાતી



## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
*સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,*
*સમગ્ર શિક્ષા, ગાંધીનગર*

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
*સચિવ, સમગ્ર શિક્ષા*

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
*એએસપીડી, સમગ્ર શિક્ષા*

**ડૉ. ટી. એસ. જોષી**
*નિયામક, જીસીઈઆરટી*

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
*સમગ્ર શિક્ષા*

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

**મિનેશકુમાર વાળંદ**

**તૃપ્તિ વાઘેલા**

**મિનેશભાઈ પંચાલ**

**મનીષભાઈ સુથાર**

**મહંમદરફીક મનસુરી**

**ભરતભાઈ બગોદરિયા**

**શૈલેષ બાવા (પ્રાચાર્ય)**

**દક્ષાબેન ખડાયતા**

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




**ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ**

BISAG

**www.vande.gujarat.gov.in**

VANDE GUJARAT

**બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.**

DIKSHA

https://diksha.gov.in/

YouTube

Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

GCERT

બ્રિજકોર્સ-ક્લાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

ધોરણ 8

# ગુજરાતી



ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિંગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ  કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# 'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્પત્તિની સમજ માટે આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્પત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ચાલો યાદ કરીએ... | 1 |
| 2. | કદમ - ૧ | 6 |
| 3. | કદમ - ૨ | 10 |
| 4. | કદમ - ૩ | 14 |
| 5. | કદમ - ૪ | 18 |
| 6. | કદમ - ૫ | 22 |
| 7. | કદમ - ૬ | 26 |
| 8. | કદમ - ૭ | 31 |
| 9. | કદમ - ૮ | 35 |
| 10. | કદમ - ૯ | 38 |
| 11. | કદમ - ૧૦ | 42 |
| 12. | કદમ - ૧૧ | 46 |
| 13. | કદમ - ૧૨ | 51 |
| 14. | કદમ - ૧૩ | 56 |
| 15. | કદમ - ૧૪ | 61 |
| 16. | કદમ - ૧૫ | 66 |
| 17. | કદમ - ૧૬ | 71 |
| 18. | કદમ - ૧૭ | 75 |
| 19. | કદમ - ૧૮ | 79 |
| 20. | કદમ - ૧૯ | 84 |
| 21. | કદમ - ૨૦ | 89 |
| 22. | ચાલો, ચકાસીએ | 93 |

# ચાલો યાદ કરીએ !

પ્રશ્ન-૧. તમને ગમતું કોઈપણ એક ગીત લખો.

પ્રશ્ન-૨. તમારા ગામ, પાદર કે મહોલ્લાનું વર્ણન લખો.

**પ્રશ્ન-૩. નીચેના શબ્દચોરસમાં આપેલ રૂઢિપ્રયોગ શોધો અને નીચે આપેલ અર્થ સામે લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પું | સ | દ | ગી | મી | ને | ષ | ત |
| જ | ઠ | બે | પાં | દ | ડે | થ | વું |
| ગ | જા | વા | માં | ડી | વા | ળ | વું |
| લી | કા | માં | ળ | હે | મૈ | ટ્રી | પ |
| ના | ક | ઉ | છું | વી | મી | તાં | શ |
| લા | લ | પી | ળાં | થ | વું | છી | છી |
| ર | ફી | વિ | દા | ય | લે | વી | ધો |
| ખી | પો | રો | ખા | વો | વા | લી | ન્ડા |

૧. પાછા વળીને જોવું - ____________________

૨. ખૂબ ગુસ્સે થવું - ____________________

૩. સુખી સંપન્ન થવું - ____________________

૪. કામ બંધ કરવું - ____________________

૫. જમવા માટે છૂટા પડવું - ____________________

૬. તક મળવી - ____________________

૭. આરામ લેવો - ____________________

**પ્રશ્ન-૪. તમને આવડતી કોઈપણ પાંચ કહેવત લખીને એનો વાક્ય પ્રયોગ કરો.**

૧. ______________________________

વાક્ય પ્રયોગ - ______________________________________________

૨. ______________________________

વાક્ય પ્રયોગ - ______________________________________________

૩. ______________________

વાક્ય પ્રયોગ - ______________________

૪. ______________________

વાક્ય પ્રયોગ - ______________________

૫. ______________________

વાક્ય પ્રયોગ - ______________________

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલ સંજ્ઞાનું વર્ગીકરણ કરો.**

(રડવું, સરદાર સરોવર, પ્રેમ, ચા, ઘી, આંબો, આકાશ, ચોખા, ધીરજ, હરખચંદ, બિરબલ, સૈનિક)

| વ્યક્તિવાચક | જાતિવાચક | દ્રવ્યવાચક | સમૂહવાચક | ભાવવાચક |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**પ્રશ્ન-૬. ધોરણ-૭માં તમે ભણી ગયેલ એકમોમાંથી તમને સૌથી વધુ ગમ્યું હોય તે પાત્ર વિશે લખો.**

______________________

______________________

______________________

______________________

______________________

______________________

**પ્રશ્ન-૭. 'મારું ગામ' વિશે પંદર વાક્ય લખો.**

**પ્રશ્ન-૮. પૂર્ણવિરામ, ઉદ્ગારચિહ્ન, પ્રશ્નાર્થચિહ્ન, અર્ધવિરામ, ગુરુવિરામ, અવતરણચિહ્ન બે બે વાક્યો લખો.**

- પૂર્ણવિરામ :

૧. ____________________

૨. ____________________

- ઉદ્ગારચિહ્ન :

૧. ______________________________

૨. ______________________________

- પ્રશ્નાર્થચિહ્ન :

૧. ______________________________

૨. ______________________________

- અર્ધવિરામ :

૧. ______________________________

૨. ______________________________

- ગુરુવિરામ :

૧. ______________________________

૨. ______________________________


- અવતરણચિહ્ન :

૧. ______________________________

૨. ______________________________

# કદમ - ૧

પ્રશ્ન-૧. આપેલ ચિત્રોને આધારે વાર્તા બનાવો અને લખો.



**પ્રશ્ન-૨. નીચેનાં વાક્યો આડાંઅવળાં થઈ ગયાં છે તો તેને યોગ્ય ક્રમમાં ગોઠવી ફરીથી લખો.**

૧. રમકડાં રહ્યાં છે બાળકો ખરીદી

_______________________________________________

૨. મેળામાં દુકાનો જાત છે જાતની

_______________________________________________

૩. ચાવીવાળા છે ઘણા ઇલેક્ટ્રીક રમકડાં બેટરીવાળા મળે મેળામાં.

_______________________________________________


૪. ઊગે પૂર્વમાં આથમે છે પશ્ચિમમાં સૂર્ય અને છે.

_______________________________________________

૫. ખેલ બાળકો જુદા રાજી જોઈ રાજી જુદા ગયા થઈ મદારીના.

_______________________________________________

**પ્રશ્ન-૩. નીચેના ચિત્રને આધારે પ્રશ્નોનાં જવાબ આપો.**



**પ્રશ્નો :**

૧. ફુગ્ગાવાળા અને બાળકો શું વાત કરતાં હશે ?

૨. બાળક ફુગ્ગા સાથે કેમ ઊડતો હશે ?

૩. ઊડતો બાળક કેવી રીતે નીચે આવી ગયો ?

૪. બાળકને ફુગ્ગા સાથે ઊડતો જોઈ બધા શું વિચારતા હશે ?

૫. તમે જો ફુગ્ગા સાથે ઊડી જાવ તો ? શું થાય ?

**પ્રશ્ન-૪. તમને ગમતું કોઈ એક ચિત્ર અહીં ચોંટાડો અને એ ચિત્રને આધારે શબ્દો લખો. શબ્દોને આધારે વાક્ય લખો.**

શબ્દો :

૧.________ ૨. ________ ૩. ________ ૪. ________

૫.________ ૬. ________ ૭. ________ ૮. ________

વાક્યો

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

# કદમ - ૨

**પ્રશ્ન-૧. ધોરણ-૭ના એકમ-૨ના ચિત્રને આધારે વર્ણન લખો.**

**પ્રશ્ન-૨. નીચે આપેલી કાવ્યપંક્તિઓ વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

મારા વહાલાજીના ચરણ પખાળીએ જી રે...
સહુ સખીઓ મળીને આવીએ;
વહાલાજીના મંગળ ગવરાવીએ જી રે... સખી
પૂરો પૂરો, સોહાગણ, સાથિયો
ઘેર મલપતો આવે હરિ હાથિયો જી રે... સખી
અતિ મીઠડા થકી થાય મીઠડો;
મહેતા નરસૈંયાનો સ્વામી મેં દીઠડો જી રે... સખી

**પ્રશ્નો :**

૧. ઉપરોક્ત પંક્તિમાં 'પગ'નો સમાન શબ્દ કયો છે ?

૨. 'જેનો પતિ હયાત હોય એવી સ્ત્રી' શબ્દ સમૂહ માટે એક શબ્દ ઉપરોક્ત પંક્તિમાંથી શોધીને લખો.

૩. વહાલાજીના મંગળ ગવરાવીએ જી રે... કાવ્યપંક્તિ આધારે મંગળ શબ્દને સમજાવો.

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.**

૧. આજની ઘડી રળિયામણી ભક્તિગીતના આધારે વહાલાજીની તૈયારીનું વર્ણન કરો.

**પ્રશ્ન-૪. આજની ઘડી રળિયામણી ભક્તિગીતમાં આવતા પ્રાસવાળા શબ્દો નોંધો અને એ શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.**

પ્રાસવાળા શબ્દો

______________________________

વાક્યો

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૫. ળ અને ર વાળા સરખા ઉચ્ચાર ધરાવતા શબ્દો લખી તેનો અર્થ ઉદાહરણ મુજબ લખો.**

**ઉ.દા.** વાળ - વાર

વાળ - માથાના વાળ

વાર - અઠવાડિયાનો એક વાર

૧. ______________, ______________ ૨. ______________, ______________

૩. ______________, ______________ ૪. ______________, ______________

અર્થ :

૧. ______________, ______________ ૨. ______________, ______________

૩. ______________, ______________ ૪. ______________, ______________

**પ્રશ્ન-૬. ઉદાહરણ મુજબ શબ્દ પિરામિડ બનાવો.**

**ઉદાહરણ :**

હું

આજે

મોડાસા

જવાનો છું

આવતીકાલે

પાછો આવવાનો.

(૧)

(૨)

# કદમ - ૩

**પ્રશ્ન-૧. તમે તમારા ઘરની બારીમાંથી જુઓ અને જે દેખાય તેનું વર્ણન લખો.**

**પ્રશ્ન-૨. આપેલ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

ત્રીજો લાગ સાધ્યો : 'ને આપણને ઉજાણી મળશે.' ચોથાએ પાક્કું કર્યું : 'હે ને મહાદેવ ? નક્કી જાઓ.' મહાદેવ મંજૂર થયો. આ રીતે આ ચારેય છોકરા જીભના ઝપાટા મારે છે ને ચાલી રહ્યા છે. અડખે - પડખે લળી રહેલી ઉંબીઓને પસવારતા જાય છે. મોલ ઉપર બેસવા જતાં પક્ષીઓ ઉડાડતા જાય છે. દૂર દેખાતાં ઝાડનાં ઝૂંડમાં નિશાળ સામે લાંબી નજર નાંખી લે છે. ચારે દિશે પથરાય રહેલા મોલની ઉપર નજર એમની ફરતી રહે છે...

**પ્રશ્નો :**

૧. ચોથાએ લાગ સાધ્યો, ચોથો એટલે કોણ ?

૨. ચારેય છોકરા જીભના ઝપાટા મારતા ચાલ્યા : અહીં જીભના ઝપાટા એટલે ?

૩. <u>ચારે દિશે</u> પથરાય રહેલા મોલની ઉપર નજર એમની ફરતી રહે છે રેખાંકિત શબ્નો અર્થ શો થાય?

________________________________________

૪. મહાદેવ શાના માટે મંજૂર થયો ?

________________________________________

૫. આપણને ઉજાણી મળશે એવું બધાને કેમ લાગ્યું ?

________________________________________

**પ્રશ્ન-૩. 'પરીક્ષા' એકમને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. સૂર્ય ઊગ્યો. ઘઉં ચણાના મોલ ઉપર સોનું છાંટવા લાગ્યો... આ વાક્યને આધારે પરિસ્થિતિનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨. મહાદેવ ન ડગ્યો : એવું તમે શાના આધારે કહી શકો ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩. અમારે ઓછી શિષ્યવૃત્તિ મેળવવાની છે ? એવું મોટા છોકરાએ કેમ કહ્યું હશે ?

**પ્રશ્ન-૪. 'પરીક્ષા' એકમને આધારે તમને કયું પાત્ર સૌથી વધુ ગમ્યું ? કેમ ?**

**પ્રશ્ન-૫. 'શ' અને 'સ' થી બનતાં શબ્દો લખો.**

**પ્રશ્ન-૬. 'પરીક્ષા' એકમમાં આવેલી કહેવતો શોધો. અને એ કહેવતનો વાક્યો પ્રયોગ કરો.**

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

૬. ______________________________

# કદમ - ૪

**પ્રશ્ન-૧. 'બે ખાનાનો પરિગ્રહ' એકમના પાના નં. ૨૦ પર આપેલ ચિત્રનું વર્ણન કરો.**

**પ્રશ્ન-૨. આપેલ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

અંતે સ્ટેશન આવ્યું. બાપુજીએ સ્ટેશન - માસ્ટરને બોલાવ્યા. એને મારું પરાક્રમ કહ્યું કે, ''આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજી મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં. એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને ? હવે મારે અને એણે બંનેએ પ્રાયશ્ચિત કરવું રહ્યું.''

**પ્રશ્નો :**

૧. કોણે કોને પોતાનું પરાક્રમ કહ્યું ?

૨. હવે મારે અને એણે બંને એ પ્રાયશ્ચિત કરવું રહ્યું અહીં 'એણે' એટલે કોણ ?

૩. મારી કેળવણી અધૂરી હશે ? એવું બાપુને કેમ લાગ્યું ?

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ‘આંધળો પ્રેમ તે આનું નામ’ એવું બાપુને શાને આધારે લાગ્યું ?

૨. સ્ટેશન માસ્તરે બાપુની કઈ વાત માનવી પડી ?

૩. મનુબેનની કસોટી શું હતી ?

**પ્રશ્ન-૪. અને, એટલે, પણ, છતાં જેવા સંયોજકનો ઉપયોગ કરીને એક ફકરો બનાવો.**

પ્રશ્ન-૫. તમારે પ્રવાસે જવાનું હોય તો શી શી તૈયારી કરો ?

પ્રશ્ન-૬. બસ અને રેલવેમાં શું ફેર હોય છે ? કેમ ?

**પ્રશ્ન-૭. ટ્રેન અને બસમાંથી કયું વાહન જે તે સ્થળે ઝડપથી પહોંચાડે ? કેમ ?**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૮. ખપ પૂરતું જ વાપરવું જોઈએ ? આ વિધાનને તમારા મતે સમજાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૯. નીચેના ફકરામાં આપેલ ખાલી જગ્યા કૌંસમાં આપેલ સંયોજક વડે પૂરો.**

(અને, કે, એટલે, તો)

મિત્તલ ________ મૃદુલા ખાસ બહેનપણીઓ છે. મિત્તલ ભણવામાં ________ હોંશિયાર છે પરંતુ ચિત્રમાં પણ પાવરધી. મૃદુલા ગણિત વિષયમાં હોંશિયાર છે ________ તેને કોયડા ઉકેલવા બહુ ગમે છે. મિત્તલ ને ગણિત ________ ચિત્રમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો હોય તે ચિત્ર જ પસંદ કરો.

# કદમ - ૫

**પ્રશ્ન-૧. વરસાદ પડવાની તૈયારી હોય ત્યારે વાતાવરણમાં શું શું ફેરફારો થાય છે તે વર્ણવો.**

**પ્રશ્ન-૨. નીચેની કાવ્યપંક્તિનો ભાવાર્થ સમજાવો.**

કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો

વાછંટો રહેશે મકાનમાં,

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં.

**પ્રશ્ન-૩. 'પણ', 'એટલે', 'છતાં', 'અથવા', 'અને' જેવા સંયોજકોનો ઉપયોગ કરીને વાક્યો બનાવો.**

ઉદાહરણ : મને ચા અથવા કૉફી ફાવશે.

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

**પ્રશ્ન-૪. તમે જંગલમાં ભૂલા પડી જાવ તો શું કરો ?**

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૫. (અ) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય સંયોજક મૂકીને પૂરો.**

૧. મીનુ __________ ચિન્ટુ બંને ધોરણ-૮માં અભ્યાસ કરે છે.

૨. ખૂબ જ વરસાદ હતો __________ હું શાળાએ સમયસર પહોંચી ગયો.

૩. હું બજારમાં ખરીદી કરવા નીકળ્યો હતો __________ બજાર બંધ હોવાથી પાછો આવ્યો.

૪. ઘરેથી મોડો નીકળ્યો __________ બસ ચૂકી ગયો.

૫. મિત્રોએ કહ્યું કે તું સાયન્સ __________ કૉમર્સ લે, __________ મેં આર્ટ્સ લીધું.

(બ) 'અને', 'છતાં', 'અથવા', 'પણ' સંયોજકનો એવી રીતે ઉપયોગ કરો કે એક વાક્યમાં બે સંયોજક આવે.

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

પ્રશ્ન-૬. 'ગહેકવું' અને 'ટહુકવું'માં શો ફેર છે ? કેવો ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

પ્રશ્ન-૭. તમને ગમતું કોઈએક ઋતુગીત લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૮. નીચે આપેલ શબ્દમાંથી ત્રણ શબ્દો બનાવી તેનો વાક્ય પ્રયોગ કરો.**

ઉદાહરણ : ઈમાનદાર - માન, નર, માર

૧. જામનગર , ______ , ______ , ______

______

૨. ગાંધીનગર , ______ , ______ , ______

______

૩. અમદાવાદ , ______ , ______ , ______

______

# કદમ - ૬

**પ્રશ્ન-૧. ધોરણ-૭ ગુજરાતી પ્રથમસત્રના પાઠ્યપુસ્તકના પાના નં. ૧૪ પર આપેલ ચિત્ર જુઓ અને પ્રશ્નોના જવાબ લખો.**

૧. બધા વિદ્યાર્થીઓએ એકસરખાં કપડાં કેમ પહેર્યા હશે ?

___

૨. પેલો છોકરો દોડતો-દોડતો ક્યાં જઈ રહ્યો હશે ?

___

૩. તમે તમારા શિક્ષકને પ્રશ્નો પૂછો છો ? કેવા ?

___

૪. તમને તમારા શિક્ષક અને ચિત્રમાંના શિક્ષકના પહેરવેશમાં કંઈ અલગ જણાયું ? શું ?

___

૫. નિશાળના મેદાનમાં ઝાડ કેમ ઉગાડ્યાં હશે ?

___

**પ્રશ્ન-૨. નીચે આપેલી માહિતીના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

આ જાહેરાતનો લાભ ૧-૫-૨૦૨૧ થી ૩૦-૫-૨૦૨૧ સુધી જ મળશે.

**ટચૂકડી જાહેરાત**

**જોઈએ છે... જોઈએ છે...**

'રાજારાણી' મોલમાં લેડીઝવૅર અને કિડ્ઝવૅર વિભાગમાં

મહિલા કાર્યકરની જરૂર છે.

**વયમર્યાદા :** ૨૦ થી ૪૦ વર્ષ **લાયકાત :** ધોરણ-૧૨ પાસ

અરજી સાથે રૂબરૂ મળો.

**સ્થળ :** ૧૦૧ રાજા-રાણી મોલ કાર્યાલય, બીજો માળ, પરીનગર.

**નોંધ :** શનિવારે કાર્યાલય બંધ રહેશે.

૧. ઉપરોક્ત જાહેરાત શાની છે ?

૨. ધોરણ ૧૦ ભણેલી મહિલાને આ નોકરી મળશે ? કેમ ?

૩. અરજી લઈને ક્યાં જવું પડશે ?

૪. ઉપરોક્ત કાર્યાલય મહિનામાં કેટલીવાર બંધ રહેશે ?

**પ્રશ્ન-૩. 'ભીખુ' એકમના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે કોઈ ભીડ-ભાડવાળી જગ્યાની મુલાકાત લીધી છે ? કઈ ?

૨. કોઈ જરૂરિયાતવાળી વ્યક્તિને તમે સૂમસામ જગ્યા પર મદદની આશાએ બેઠેલી જોઈ ? કેમ ?

૩. 'ભીખુના અંગ ઉપર એક પણ સાજું લૂગડું નહતું.' એ પરથી તમે ભીખુ માટે શું કહી શકશો ?

૪. કોઈને મદદ કરવાની તીવ્ર ઈચ્છા હોય અને બધા પૈસા નકામા ખર્ચાઈ જાય તો તમને કેવી લાગણી થશે ?

૫. તમને પેલા જુવાનનું વર્તન યોગ્ય લાગ્યું ? તમે તેની જગ્યાએ હોત તો શું કરત ?

૬. તમે તહેવારોમાં કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરી છે ? કઈ રીતે ?

૭. મીઠાઈની દુકાન આગળથી પસાર થાઓ તો મીઠાઈ લેવા મન લલચાય છે ? કેમ ?

૮. ભીખ માંગવાવાળા વ્યક્તિને માંગવું ગમતું હશે ? કેમ ?

૯. ભીખુની જગ્યાએ તમે હોત તો તમે દાળિયાનું શું કરત ?

**પ્રશ્ન-૪. ભીખુની પરિસ્થિતિ જાણ્યા બાદ એક લેખક તરીકે તમે વાર્તાને કઈ રીતે આગળ લખશો ? એને કેવી રીતે મદદ કરશો ?**

**પ્રશ્ન-૫. નીચે આપેલાં વાક્યો પાઠમાં ક્યાં લખ્યાં છે ? તે શોધો અને યોગ્ય વિરામચિહ્નો મૂકીને ફરીથી લખો.**

૧. છોકરાના શબ્દો કાન પર પડ્યા મા કાંઈ ખાવાનું છે શું છે લાવ જો

૨. ખાવાનું તો ભાઈ લાવે ત્યારે પણ ગયો ક્યાં ક્યારનો ગયો છે

૩. મા તે શાંતિથી બોલ્યો મેં તો બહુ દાળિયા ખાધા ખૂબ પાણી પીધુંને પછી આવ્યો

૪. એઈ આંખ પણ નથી કે શું એમ કોઈ પારસીબાનુની સાથે આવેલા પટાવાળાએ ધમકાવ્યો

પ્રશ્ન-૬. એકમમાંથી અ, આ, અને ઉ થી શરૂ થતાં શબ્દો શોધો અને તેમના અર્થ લખો.

# કદમ - ૭

**પ્રશ્ન-૧. ધોરણ-૭ ગુજરાતી પાઠ્યપુસ્તકનાં ''જીવન પાથેય'' એકમના પાના નંબર ૪૧ પર આપેલ ચિત્ર જુઓ અને પિતા અને પુત્ર વિષે શું વાત થતી હશે તે લખો.**

**પ્રશ્ન-૨. નીચેનાં વાક્યો વાંચી, કયો કાળ છે તે લખો.**

૧. આવતીકાલે સિનેમાગૃહમાં નવી ફિલ્મ આવશે.

૨. હું ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચેની મેચ જોવું છું.

૩. મારો ભાઈ ગઈકાલે ફૂટબૉલની મેચમાં હારી ગયો હતો.

૪. મે નક્કી કર્યું છે કે હું શિક્ષક જ બનીશ.

૫. હું ગુલાબજાંબુ ખાઈ રહ્યો હતો ત્યારે લાઈટ ગઈ હતી.

**પ્રશ્ન-૩. "જીવન પાથેય" એકમમાં આવેલ રૂઢિપ્રયોગ અને શબ્દસમૂહ શોધીને લખો.**

રૂઢિપ્રયોગ -

૧. ________________________

૨. ________________________

૩. ________________________

૪. ________________________

શબ્દસમૂહ -

૧. ________________________

૨. ________________________

૩. ________________________

૪. ________________________

**પ્રશ્ન-૪. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ? યોગ્ય વિકલ્પ સામે ખરું કરો.**

૧. પરીક્ષામાં હું અવ્વલ રહું એ માટે ...

(અ) હું ખૂબ વાંચીશ અને આવડે તેટલું લખીશ.

(બ) હું નાની ચોપડી લઈને પરીક્ષામાં બેસીશ.

(ક) બાજુમાં બેઠેલાં વિદ્યાર્થીમાંથી જોઈને લખીશ.

૨. મને પૈસા ભરેલું પર્સ મળી જાય તો ...

(અ) અમે બધા મિત્રો ભેગા થઈ પર્સમાં જે રૂપિયા છે તે બધા વાપરીશું.

(બ) પર્સમાં જે સરનામું આપ્યું છે તે જોઈ મૂળ માલિક સુધી પહોંચાડી દઈશ.

(ક) હું ઘરે જઈને ડબ્બામાં મૂકી દઈશ.

૩. મને બાઈક ચલાવવાની પિતા ના પાડે તો ...

(અ) હું પિતાની વાતથી માની જઈશ.

(બ) હું પિતાની વાતથી રિસાઈ જઈશ.

(ક) હું બાઈક લઈને નીકળી જઈશ.

**પ્રશ્ન-૫. શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી, વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.**

૧. હું સડક થી ગયો ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી

___

૨. થોડીવાર પછી પિતાશ્રીએ ગળગળા થઈને કહ્યું દત્તુ મે માન્યું નહોતું કે તારામાં આ હીનતા હશે

___

**પ્રશ્ન-૬. તમારી આવતીકાલની દિનચર્યા શું હશે તે લખો.**

___

___

___

___

___

___

___

___

___

___

પ્રશ્ન-૭. તમારા જીવનમાં કોઈ પ્રામાણિકતાનો પ્રસંગ બન્યો હશે ? તે પ્રસંગ વિષે લખો.

# કદમ - ૮

**પ્રશ્ન-૧. તમને ગમતું કોઈએક લગ્નગીત લખો.**

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. દિયરને પોતાની મતિ સુધરી એવું કેમ લાગ્યું ?

૨. ભાભીએ દિયરને શું કહીને મેણું માર્યું ?

૩. દિયરે કરેલા પ્રયત્ન તમારા શબ્દોમાં લખો.

**પ્રશ્ન-૩. આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

૧. ઘોડલાં ખેલવાં - ____________________

૨. બેડલો પાર થવો - ____________________

**પ્રશ્ન-૪. 'મારી મહત્વકાંક્ષા' વિષય પર દસ લીટી લખો.**

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલા વિશેષણનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

(કાળું, નાનું, રૂપેરી)

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

**પ્રશ્ન-૬. તમે કોઈને આદર્શ માનો છો ? કેમ ?**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૭. 'આળસ જીવતા માણસની કબર છે' સમજાવો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

# કદમ - ૯

**પ્રશ્ન-૧. તમારા ખેતર કે વાડાનું વર્ણન લખો.**

**પ્રશ્ન-૨. આપેલ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

બાને છોડની માવજત કરતી જોવી એ પણ એક લ્હાવો છે. નળ તો ગામડે હમણાં થયા. પહેલાં તો કૂવેથી જ, ચાકળી મારફતે પાણી ખેંચી લાવવું પડે. બા તે કરે. એકેએક છોડ, ક્યારો તૃપ્ત થાય ત્યાં સુદી એ પાણી રેડે, એ છોડને જાતે ગોડ મારે, સવારે ઊઠીને ભેગું કરેલું છાણ છાણિયા ખાતર તરીકે વાપરે, લીંબુ વગેરેમાં ચામડાના ટુકડાઓ દાબે. દરેકેદરેકની પૂરેપૂરી, રોજેરોજ કાળજી લે. વાડાના વાતાવરણમાં, એકાદ છોડમાં પણ ક્યાંય ફરક પડે તો બાને તેની તરત જાણ થઈ રહે. બાને સાચેસાચ પામવી હોય તો વાડાની અડખેપડખે જ પામી શકાય. એમ હું ખાતરીબંદ કહી શકું. બાની નજર વાડે વાડે હરણની જેમ ફરતી, પુષ્પે પુષ્પે પતંગિયાની જેમ ઊડાઊડ કરતી, શાકને માંડવે ખિસકોલીની જેમ સરકતી રહેતી અને જમીન ઉપરના છોડનું નિરીક્ષણ કરતી વેળા એ નજર વરસાદી ગાય બની જતી; ધીમેથી, બધું જ ઝીણેરું તે જુએ.

૧. બાની દિનચર્યા જણાવો.

૨. બા વરસાદી ગાય બની જતી એટલે ?

૩. બા કેવી રીતે વાડાનું નિરીક્ષણ કરતા ?

**પ્રશ્ન-૩. (૧) બાનો વાડા પ્રત્યેનો પ્રેમ તમારા શબ્દોમાં લખો.**

**(૨) 'ખાયા સો ખાયા, ખિલાયા સો પાયા' સમજાવો.**

**પ્રશ્ન-૪ કૌંસમાં આપેલ વિશેષણનો ઉપયોગ કરી વાક્યપ્રયોગ કરો.**

**(એક, સો, દસ, ચાર, પાંચ)**

**ઉદાહરણ :** સાત વિદ્યાર્થીઓને ઈનામ મળ્યા.

**પ્રશ્ન-૫ આપેલ ગોળમાંથી રૂઢિપ્રયોગ અને શબ્દસમૂહ અલગ તારવી વાક્યપ્રયોગ કરવો.**

ઢૂંકવા ન દેવું

જાજરમાન

તડકી-છાંયડી જોવી

જિહ્વાગ્રે

આશકા

ઘરનો મોભ તૂટી પડવો

**પ્રશ્ન-૬ શબ્દની આગળ 'અ' લગાડવાથી કેટલા શબ્દો વિરૂદ્ધાર્થી શબ્દો બને છે તો તેવા શબ્દો લખો.**

**ઉદાહરણ :** સ્વચ્છ × અસ્વચ્છ

૧. ________ × ________

૨. ________ × ________

૩. ________ × ________

૪. ________ × ________

૫. ________ × ________

# કદમ - ૧૦

પ્રશ્ન-૧. આપેલ બૉક્સમાં તમને ગમતું ચિત્ર ચોંટાડી તેનું વર્ણન લખો.

**પ્રશ્ન-૨. આપેલ માહિતીને આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**જી.સી.ઈ.આર.ટી. આયોજીત રાજ્યકક્ષાનો અઢારમો**

**ગણિત-વિજ્ઞાન મેળો**

(૫-૭-૨૦૨૧ થી ૯-૭-૨૦૨૧)

**ઉદ્‌ઘાટન સમારોહ**

| **મુખ્ય મહેમાનશ્રી** | **વિશેષ ઉપસ્થિતિ** |
| --- | --- |
| ડાયરેકટરશ્રી | નિયામકશ્રી |
| સમગ્ર શિક્ષા, ગાંધીનગર. | પ્રાથમિક શિક્ષણ |

**સ્થળ :** જી.સી.ઈ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર.

**નિમંત્રક :**

નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.,

ગાંધીનગર.

૧. ગણિત-વિજ્ઞાનના મેળાનું આયોજન કોણે કર્યું છે ?

____________________

૨. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. દ્વારા કોણે આમંત્રિત કરવામાં આવ્યા છે ?

____________________

૩. ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન ક્યાં કરવામાં આવ્યું છે ?

____________________

૪. આ ગણિત-વિજ્ઞાન મેળા પૂર્વે કેટલા ગણિત-વિજ્ઞાન મેળા યોજાયા છે ?

____________________

૫. આ ગણિત-વિજ્ઞાન મેળો ક્યાં થી ક્યાં સુધી ચાલશે ?

____________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. પરગ્રહનું યાન કેવું હશે ? એકમના આધારે વર્ણન કરો.

________________________________________

________________________________________

________________________________________

૨. ત્રણ મિત્રોના મનમાં ભય કેમ હતો ?

________________________________________

________________________________________

________________________________________

૩. વલયે આપેલો આઈડિયા બધાને કેમ ગમી ગયો ?

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. એકમાંથી અનેક શબ્દો બનાવો.**

ઉદાહરણ : અમદાવાદ : અ = અજગર, મ = મકાન, દા = દાદરો, વા = વાદળ, દ = દવા

૧. ________________________________________

૨. ________________________________________

૩. ________________________________________

૪. ________________________________________

૫. ________________________________________

૬. ________________________________________

**પ્રશ્ન-૫. 'વિજ્ઞાન એક વરદાન' વિષય પર દસ વાક્ય લખો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૬. આપેલ શબ્દસમૂહનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

૧. જાસાચિઠ્ઠી - ______________________________

______________________________

૨. દુભાષિયો - ______________________________

______________________________

૩. અંડાકાર - ______________________________

______________________________

૪. કાજળઘેરી - ______________________________

______________________________

# કદમ - ૧૧

પ્રશ્ન-૧. અખબારમાંથી મનગમતું ચિત્ર મેળવીને ચોંટાડો અને ચિત્ર વિશે લખો.

**પ્રશ્ન-૨. અખબારી નોંધ વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

## વીર પુરુષ : છત્રપતિ શિવાજી મહારાજ



છત્રપતિ શિવાજી મહારાજ

આજે 19 ફેબ્રુઆરીએ છત્રપતિ શિવાજી મહારાજ, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતા નો જન્મ દિવસ છે. બીજાપુરની આદિલશાહી સલ્તનતમાંથી પોતાનું વિશાળ મરાઠા સામ્રાજ્ય વિકસાવનાર છત્રપતિ શિવાજી માતા જીજાબાઈ અને પિતા શાહજીનું એકમાત્ર સંતાન હતા. એમણે મહારાષ્ટ્રમાં કિલ્લા બાંધ્યા એ ઉપરાંત ભારતમાં તેમણે સૌપ્રથમ નૌકાદળની સ્થાપના કરી. એમના સરદાર તાનાજીની યુદ્ધમાં શહાદતને બિરદાવતી એમની એક ઉક્તિ જગપ્રસિદ્ધ છે, 'ગઢ આલા પરંતુ સિંહ ગેલા.' શિવાજીનો જન્મ આજના પુના શહેરની પાસેના જુન્નર તાલુકાના શિવનેરીના કિલ્લામાં થયો હતો. બચપણથી જ માતા જીજાબાઈએ તેમને હિંદુ ધર્મના સંસ્કારો આપ્યા હતા અને રામાયણ તથા મહાભારતની વાર્તાઓ સંભળાવી હતી. ગુરુ સમર્થ રામદાસ તેમના ધાર્મિક ગુરુ હતા. સુરતના મોગલ સુબા શાહિસ્ત ખાનનો સરકારી મોગલ ખજાનો લૂંટવા એમણે 1664માં સુરત પર ચડાઈ કરી હતી. 1680માં 3 એપ્રિલે 52 વર્ષની વયે શિવાજીનું અવસાન થયું હતું.

૧. શિવાજીના જન્મદિવસે બીજા કોનો જન્મદિવસ છે ?

___________________________________________

૨. મરાઠા સ્રામાજ્ય વિકસાવનાર કોના સંતાન હતા ?

___________________________________________

૩. શિવાજીએ બાળપણમાં શું સાંભળવા મળતું ?

___________________________________________

૪. "ગઢ આલા પરંતુ સિંહ ગેલા" આ ઉક્તિ કોની શહાદતને બિરદાવે છે ?

___________________________________________

૫. તેમણે સૌપ્રથમ નૌકાદળની સ્થાપના કરી અહીં 'તેમણે' એટલે કોણ ?

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. અખબારો પોતાનો સમાજધર્મ કેવી રીતે અદા કરે છે ?

૨. 'અખબાર' શબ્દના અર્થ જણાવો.

૩. સમાચાર નોંધ એટલે શું ?

૪. તમે વાંચેલી કોઈપણ એક અખબારી નોંધ વિશે ત્રણ વાક્યો લખો.

૫. તમે વાંચેલા અખબારોનાં નામ લખો.

**પ્રશ્ન-૪. 'શાળા પ્રવેશોત્સવ' અંગેની નોંધ પ્રકાશિત કરવાનો વિનંતીપત્ર વર્તમાનપત્રના તંત્રીને લખો.**

માનનીય તંત્રીશ્રી,

આપનો વિશ્વાસુ,

**પ્રશ્ન-૫. નીચે આપેલ વાક્યોમાંથી પરસ્પર વિરોધી અર્થ ધરાવતાં શબ્દો શોધીને લખો.**

૧. જીવન અને મૃત્યુ ઈશ્વરનાં હાથમાં છે.

૨. માધવપુરના દરિયાકિનારે સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈને મુગ્ધ થઈ જવાય છે.

________________________________________

૩. ગીરની માલધારી સ્ત્રીઓ સવારે દહીં વલોવતી તો સાંજ પડ્યે ખૂટતું બળતણ વીણવા નીકળી પડતી.

________________________________________

૪. સેવામૂર્તિ પરીક્ષિતલાલ રાત-દિવસની પરવા કર્યા વગર સતત ગામડાં ખૂંદતાં રહેતાં.

________________________________________

૫. નવા વર્ષથી આવક-જાવકનો વ્યવસ્થિત હિસાબ રાખવો.

________________________________________

**પ્રશ્ન-૬. અખબાર સંબંધિત શબ્દોનો ઉપયોગ કરી શબ્દ ચોરસ બનાવો.**

(જાહેરનિવિદા, અનુસંધાન, દૈનિક, પૂર્તિ, તંત્રીલેખ, લેખક, પત્રકાર, જાહેર ખબર, નિવેદન, સાપ્તાહિક, સંવાદદાતા)

| | | | | | |
|---|---|---|---|---|---|
| જા | | | | | |
| | હે | | | | |
| | | ર | | | |
| | | | નિ | | |
| | | | | વિ | |
| | | | | | દા |

# કદમ - ૧૨

**પ્રશ્ન-૧. તમે જોયેલ ફિલ્મ કે નાટકના કલ્પના ચિત્રો યાદ કરો. એ કલ્પના ચિત્ર વિશે લખો.**

**પ્રશ્ન-૨. 'માતૃપ્રેમ' દર્શાવતું કાવ્ય વાંચો અને પ્રશ્નોનાં જવાબ લખો.**

હતો હું સૂતો પારણે પુત્ર નાનો
રડું છેક તો રાખતું કોમ છાનો ?
મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું ...
સૂકામાં સુવાડે ભીને પોઢે પોતે,
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે,
મને સુખ માટે કટુ કોણ ખાતું
મહા હેતવાળી દયાળી જ મા તું ...

પડું કે ખડું તો ખમા આણી વાણી

પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;

પછી કોણ પોતા તણું દૂધ પાતું ?

મહા હેતવાળી દયાળી જ મા તું ...

૧. કવિ માતાને મહા હેતવાળી કેમ કહે છે ?

૨. માતા પુત્રને દુઃખે કેમ દુઃખી થતી હશે ?

૩. મા પુત્રના સુખ માટે કેવું ખાય છે ?

૪. બાળક પડે ત્યારે માતાના મુખેથી કયો શબ્દ સરી પડે છે ?

૫. માતાની પાંપણે પ્રેમના પૂર શા માટે વહે છે ?

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. "જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ" - કાવ્યપંક્તિનો ભાવાર્થ સમજાવો.

૨. માતૃપ્રેમ દર્શાવતી કાવ્યપંક્તિ, સુવાક્ય કે કહેવત લખો.

૩. "જનની" કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

૪. મા તે મા બીજા બધાં વગડાંના વા - કહેવતને સમજાવો.

૫. નીચેનો ભાવ વ્યક્ત કરતી કાવ્યપંક્તિ લખો.

- એની આંખો અમૃતથી ભરેલી છે, એનાં વેણ વહાલથી ભરેલાં છે.

**પ્રશ્ન-૪. તમારા ઘરનાં કોઈ એક સભ્ય વિશે લખો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૫. કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધી તેનો અર્થ આપો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ | ય | દો | હ્ય | લું | આ |
| કો | ન | જ્ઞ | ટ | મી | શિ |
| ડ | ર | ની | વે | ણ | ષ |
| સ | મી | અ | જુ | રા | શ |
| જા | સ | ચ | ભ | દે | શી |
| ઉ | ર | લા | લ | વ | રી |

- જુદેરી = અનોખી

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૬. શબ્દને આગળથી વાંચો કે પાછળથી વાંચો શબ્દ એકસમાન રહેશે. આવા વધુ શબ્દો લખો.**

ઉદાહરણ : નવજીવન

| | | |
|---|---|---|
| સરસ | | |
| | | |
| | | |

# કદમ - ૧૩

પ્રશ્ન-૧. તમારી શાળાનું ચિત્ર દોરો અને તેના વિશે લખો.

**પ્રશ્ન-૨. પ્રશ્નોનાં જવાબ આપો.**

૧. તમારા મનગમતાં તહેવારનું નામ લખો. આ તહેવાર કઈ તારીખે અને કયા વારે આવે છે ?

૨. પારસીઓનું નૂતન વર્ષ બીજા કયા નામે ઓળખાય છે ?

૩. જે તહેવારનાં નામમાં સંખ્યાનો ઉલ્લેખ થયો હોય તેવા તહેવારનાં નામ લખો.

ઉદાહરણ : ઋષિ પંચમી

૪. તિથિ મુજબ આવતાં કોઈપણ પાંચ તહેવારોનાં નામ લખો.

૫. તમારી શાળામાં બાબાસાહેબ આંબેડકર અને મહાત્માગાંધીનાં જન્મદિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? કેમ ?

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. આત્મકથા એટલે શું ? ગાંધીજીની આત્મકથા વિશે ટૂંકમાં જણાવો.

૨. પોતાના વર્તન વિશે ગાંધીજી શી કાળજી રાખતા ?

૩. ગાંધીજી ફારસીના વર્ગમાં બેસવા માટે કેમ લોભાયા ?

૪. “સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે” - ગાંધીજીનું આ વિધાન સમજાવો.

૫. ગાંધીજીએ એક જ વર્ષમાં બે ધોરણનો અભ્યાસ નથી કરવો એ વિચાર કેમ છોડી દીધો ?

**પ્રશ્ન-૪. તમારા વિદ્યાર્થી જીવનનો યાદગાર પ્રસંગ કે કોઈ ઘટના લખો.**

**પ્રશ્ન-૫. નીચે આપેલ વાક્યોમાંથી રૂઢિપ્રયોગ શોધીને તેનો અર્થ લખો.**

ઉદાહરણ : ● ચુનીલાલનું કામ જોઈને વેપારી રાજીનો રેડ થઈ ગયો.

● **રાજીના રેડ થઈ જવું - ખૂબ જ પ્રસન્ન થઈ જવું**

૧. ભૂમિતિના શિક્ષક સમજાવવામાં સારા હતાં પણ મને કંઈ ગેડ જ ન બેસે.

૨. જેણે મારા ખંત ઉપર વિશ્વાસ રાખી મને ચડાવવાની ભલામણ કરી હતી તે શિક્ષકની પણ લાજ જાય.

૩. હું મનમાં ને મનમાં સમસમી રહ્યો.

૪. મહારાજ જે કામ હાથમાં લે એમાં પોતાનો જીવ રેડી દે.

૫. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કંઈ કાંઠા ચડે ?

**પ્રશ્ન-૬. નીચે આપેલ શબ્દ ચોરસમાં કેટલીક ભાષાઓનાં નામ છૂપાયેલાં છે. નામ શોધો અને નામની ફરતે ગોળ કરો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સં | સ્કૃ | ત | દી | અ | રા |
| મ | મી | હિં | ફા | ર | સી |
| લ | ગુ | અં | સા | બી | ર્દુ |
| યા | જ | ઠી | ગ્રે | ઉ | બં |
| લ | રા | હિ | બ્રુ | જી | ગા |
| મ | તી | ના | ને | પા | ળી |

# કદમ - ૧૪

**પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ અને તેના વિશે ત્રણ પ્રશ્નો બનાવી લખો.**




**પ્રશ્નો :**

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

**પ્રશ્ન-૨. આ એકમમાં કેટલાક વિશિષ્ટ વાક્યો પ્રયોજાયાં છે. તમને ગમતાં પાંચ વાક્યો લખો.**

ઉદાહરણ : દરિયો પોતાનું ભારે શીંગડું ગુજરાતમાં ભરાવવા ફાંફાં મારે છે.

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દરિયાએ ગુજરાતને કેવી રીતે ભરડામાં લીધું છે ?

૨. વિદેશીઓ માંહેમાંહે કેમ લડ્યા હશે ?

૩. અકબર અને ઔરંગઝેબ કેમ સુરત આવ્યા હશે ?

૪. કવિ નર્મદ કેમ રડ્યા હતા ?

૫. નર્મદામૈયા ક્યારે જાજલ્યમાન લાગે છે ?

૬. આ એકમ કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

**પ્રશ્ન-૪. કૌંસમાં આપેલ વિશેષણને આધારે વાક્ય બનાવો.**

**(સુંદર, પાતળું, કાળો, પ્રથમ, થોડું)**

પ્રશ્ન-૫. તમે કરેલ પ્રવાસનું વર્ણન લખો.

**પ્રશ્ન-૬. નીચેનાં વાક્યોમાંથી પ્રશ્નવાચક વિશેષણ શોધો અને તેના જેવાં બીજાં વાક્યો લખો.**

૧. તમે કયા - કયા પુસ્તકો વાંચ્યાં છે ?

___

___

૨. તમારા પિતા કયો વ્યવસાય કરે છે ?

___

___

૩. તમે શાળામાં કઈ કઈ પ્રવૃત્તિ કરો છો ?

___

___

**પ્રશ્ન-૭. આ એકમમાં કેટલાક પ્રાસવાળા શબ્દો પ્રયોજાયા છે. શોધીને તેવા શબ્દો લખો.**

ઉદાહરણ : ખાણીપીણી


___ ___

___ ___

___ ___

# કદમ - ૧૫

પ્રશ્ન-૧. નીચેનાં બંને ચિત્ર જોઈ તે બંને ચિત્રોમાંનો તફાવત લખો.




પ્રશ્ન-૨. લેખક અને દુદામામા વચ્ચેના સંવાદના તમને ગમતાં પાંચ વાક્યો લખો.

૧. __________

૨. __________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નો ઉત્તર આપો.**

૧. લેખક અને મિત્રો મોચીને મામા કેમ કહેતા ?

૨. નેપોલિયન વિશે તમે શું જાણો છો ?

૩. પરિવારમાં લેખકના બૂટ માટે શો નિર્ણય થતો ?

૪. લેખકના મતે નવા બૂટનો પ્રાથમિક તબક્કો કેવી રીતે પૂર્ણ થતો ?

૫. લેખક દુદામામા પર કેમ રોષે ભરાતા ?

___

___

___

૬. લેખક માટે દુદામામા બૂટ તૈયાર ન કરવા બાબતે કેવાં બહાનાં બતાવતા ?

___

___

___

**પ્રશ્ન-૪. 'મારે કર્મે લખ્યું કથીર' પંક્તિનો અર્થ સમજાવો.**

___

___

___

___

___

___

**પ્રશ્ન-૫. આ એકમમાં લેખક અને દુદામામાના ગુણો-સ્વભાવની સુંદર જાણકારી મળે છે. બંનેના ગુણ-સ્વભાવ જણાવો.**

| | **લેખક** | **દુદામામા** |
|---|---|---|
| ઉદાહરણ : | ૧. ઉતાવળા | ૧. ઠરેલ |
| | ૨. ___ | ૨. ___ |

૩. ____________________ ૩. ____________________

૪. ____________________ ૪. ____________________

૫. ____________________ ૫. ____________________

**પ્રશ્ન-૬. અયોગ્ય શબ્દો છેકી નાંખો.**

૧. લેખક નવા બૂટ / સૂટ સીવડાવવા દુદામામા પાસે ગયા હતા.

૨. લેખક નેપોલિયન / સિકંદરની જેમ હાર્યા વગર મારા પ્રયાસ ચાલુ રાખતા.

૩. ધંધૂકા / દ્વારકા પાસે બરડિયા સ્ટેશન છે.

૪. વડીલોની સૂચના મુજબ દુદામામા બૂટ એક આંગળ નાના / મોટા સિવતા.

૫. લેખકને લાલ / કાળા બૂટ સીવડાવવાના હતા.

**પ્રશ્ન-૭. તમારા શૈશવનાં સંસ્મરણો દસ-બાર વાક્યોમાં જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૮. નીચેનાં વાક્યોમાંથી દર્શકવાચક સર્વનામ શોધો અને તેના જેવા બીજાં વાક્યો લખો.**

૧. વાઘ આ બાજુ ગયો હશે.

૨. પેલા કાળા પેન્ટવાળા ભાઈને બોલાવો.

૩. તે દિવસે મારી તબિયત સારી ન હતી.

**પ્રશ્ન-૯. આ એકમમાં કેટલાક તત્સમ શબ્દો પ્રયોજાયા છે. શોધીને તેવા શબ્દો લખો.**

ઉદાહરણ : મંજૂરી

# કદમ - ૧૬

**પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ અને નીચેના પ્રશ્નોના જવાબ લખો.**



**પ્રશ્નો :**

૧. આ ચિત્ર વિશે તમે શું જાણો છો ?

૨. આ નૃત્ય ભારતના કયા વિસ્તારનું છે ?

૩. તમારા વિસ્તારનું નૃત્ય કયા નામે ઓળખાય છે ?

૪. આ સિવાય તમે કયા કયા પ્રદેશના નૃત્યો વિશે તમે જાણો છો ?

________________________________

________________________________

________________________________

૫. તમને કયું નૃત્ય વધુ ગમે ? કેમ ?

________________________________

________________________________

________________________________

**પ્રશ્ન-૨. આ કાવ્યમાંથી તમને ગમતી પાંચ પંક્તિઓ લખો.**

૧. ________________________________

૨. ________________________________

૩. ________________________________

૪. ________________________________

૫. ________________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. આ કાવ્યમાં 'ગ્રામમાતા' તરીકે કોને સંબોધન કરવામાં આવ્યું છે ?

________________________________

________________________________

૨. આ કાવ્યમાં કયા સમયનું વર્ણન કરવામાં આવ્યું છે ?

________________________________

૩. શેરડીનો રસ પીતાં પીતાં રાજા શું વિચારે છે ?

૪. શેરડીના રસનો બીજો પ્યાલો ભરવા જતાં શું થયું ?

૫. રાજાને પોતાની ભૂલ કેવી રીતે સમજાઈ ?

**પ્રશ્ન-૫. કવિ કલાપીનું કોઈ પણ કાવ્ય મેળવી અહીં લખો.**

**પ્રશ્ન-૬. નીચેની કાવ્ય પંક્તિઓ સમજાવો.**

રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
'નહીં તો ના બને આવું,' બોલી માતા ફરી રડી.

**પ્રશ્ન-૭. આ શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ અને તેનો અન્ય સમાનાર્થી શબ્દ પણ લખો.**

ઉદાહરણ : પવન અનિલ વાયુ

સૂરજ ________ ________

આકાશ ________ ________

આંખ ________ ________

ઈશ્વર ________ ________

અમીર ________ ________

# કદમ - ૧૭

પ્રશ્ન-૧. તમારા ગામના સાંજના દૃશ્યનું વર્ણન કરો.

પ્રશ્ન-૨. તમે કોઈ પ્રાણી પાળેલ છે ? કેમ ?

પ્રશ્ન-૩. તમારા પ્રિય પ્રાણી વિષે પંદર વાક્યો લખો.

પ્રશ્ન-૪. પ્રાણીનો વફાદારી કે પ્રેમનો તમારો કોઈ યાદગાર પ્રસંગ વર્ણવો.

**પ્રશ્ન-૫. તમે શાળામાં પ્રાણીઓ કે પક્ષીઓને ઉપયોગી થતી હોય એવી કોઈ પ્રવૃત્તિ કરો છો ? કેવી રીતે કરો છો ?**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૬. નીચે આપેલા શબ્દસમૂહો માટે એક શબ્દ આપો અને તેનો વાક્યપ્રયોગ કરો.**

૧. મનુષ્યના મૃત શરીરને અગ્નિ આપવાની ક્રિયા - ______________

વાક્યપ્રયોગ : ______________

૨. ખેતરમાં પાક વાઢવાની ક્રિયા - ______________

વાક્યપ્રયોગ : ______________

૩. ઊંડા પાણીવાળી જગ્યા - ______________

વાક્યપ્રયોગ : ______________

૪. વાંસ જેટલા ઊંડાં પાણી - ______________

વાક્યપ્રયોગ : ______________

૫. પાણીમાં આગળ ધપવા શરીરનો હેલારો મારવો તે - ______________

વાક્યપ્રયોગ : ______________

**પ્રશ્ન-૭. પ્રશ્નવાક્ય, ઉદ્ગારવાક્ય અને વિધાનવાક્યના ત્રણ ત્રણ વાક્યો બનાવો અને લખો.**

- પ્રશ્નવાક્ય :

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

- ઉદ્ગારવાક્ય :

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

- વિધાનવાક્ય :

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

**પ્રશ્ન-૮. તમે કોઈ પ્રાણીને ક્યારેય બચાવ્યું છે ? કોઈને બચાવતા જોયું છે ? કેવી રીતે ? લખો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

# કદમ - ૧૮

**પ્રશ્ન-૧. આપેલ બૉક્સમાં તમને ગમતું ચિત્ર ચોંટાડી તેનું વર્ણન કરો.**

**પ્રશ્ન-૨. આપેલ પ્રશ્નોના જવાબ લખો.**

૧. જીવરામ ભટ્ટ એકમમાંથી તમને સૌથી કયું પાત્ર વધુ ગમ્યું ? કેમ ?

૨. તમે ક્યારે બહુ હસ્યાં ? કેમ ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

૩. નાટક અને ફિલ્મમાં શું ફેર હોય છે ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**પ્રશ્ન-૨. સંવાદને આધારે ખાલી જગ્યા પૂરો.**

બેંક મેનેજર : બોલો, શું કામ હતું.

ગ્રાહક : _______________________________________________

બેંક મેનેજર : કેટલા ?

ગ્રાહક : એક લાખ.

બેંક મેનેજર : _______________________________________________

ગ્રાહક : ના નથી લાવ્યો.

બેંક મેનેજર : તો તમે એટલા એક સાથે ના ઉપાડી શકો.

ગ્રાહક : _______________________________________________

રંગલો : સોરી, હું કંઈ નહીં કરી શકું.

ગ્રાહક : તો તો સાહેબ મારે બીજો ધક્કો ખાવો પડશે ને ?

બેંક મેનેજર : હા ખાવો પડશે કારણ કે એ બેંકનો નિયમ છે કે ચેક વગર એટલા રૂપિયા ના ઉપાડી શકે.

**પ્રશ્ન-૩. નીચેના વાક્યોમાંથી ક્રિયાપદ શોધીને એ જ ક્રિયાપદનો ઉપયોગ કરીને બીજું વાક્ય બનાવો.**

૧. અનુજ બેઠો.

ક્રિયાપદ : ____________________

વાક્ય : ______________________________________________________________________________

૨. તૃપ્તિએ ખાધું.

ક્રિયાપદ : ____________________

વાક્ય : ______________________________________________________________________________

૩. વાયર બળ્યું.

ક્રિયાપદ : ____________________

વાક્ય : ______________________________________________________________________________

૪. પત્ર વાંચ્યો.

ક્રિયાપદ : ____________________

વાક્ય : ______________________________________________________________________________

૫. મૈત્રી દોડી.

ક્રિયાપદ : ____________________

વાક્ય : ______________________________________________________________________________

**પ્રશ્ન-૪. નીચેના વાક્યોમાં શબ્દો આડાઅવળી થઈ ગયા છે તેને યોગ્ય સ્થાને મૂકીને વાક્ય ફરીથી લખો.**

૧. રસી જોઈને બચવા કોરોનાથી લેવી.

______________________________________________________________________________

૨. ફરવા વેકેશનમાં જુનાગઢ અમે હતા ગયા.

______________________________________________________________________________

૩. માસ્ક રાખવું સોશ્યલ પહેરી ડિસ્ટન્સ રાખવું બચવા અને કોરાનાથી

____________________

૪. મને કોફી છે ચા ભાવે નહીં હોય તો પણ ચાલશે.

____________________

૫. ફૂટબોલ મને પસંદ ક્રિકેટ વધુ છે પસંદ કરતાં.

____________________

**પ્રશ્ન-૫. નીચેનામાંથી અલગ પડતા શબ્દ પર ⬭ કરો.**

૧. આકાશ, ગગન, રજની, નભ

૨. જળ, પાણિ, વારી, નીર

૩. રત્નાકર, સમુદ્ર, દરિયો, સુધાકર

**પ્રશ્ન-૬. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. જીવરામના ભટ્ટના મિથ્થ્યાભિમાની સંવાદો લખો.

____________________

____________________

____________________

____________________

____________________

૨. જીવરામ ભટ્ટ નાટકને તમારા શબ્દોમાં વર્ણન કરો.

____________________

____________________

પ્રશ્ન-૭. કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરીને ફકરો લખો. બનાવેલ ફકરાના વાક્યમાંથી ક્રિયાપદ શોધીને લખો.

(કોરોના, સેનેટાઈઝર, માસ્ક, આઈસોલેશન, વોર્ડ, ઑક્સિજન, રિપોર્ટ, ડૉક્ટર, દવા, સોશ્યલ ડિસ્ટન્સ)

# કદમ - ૧૯

પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ અને ચિત્ર આધારે વાર્તા લખો.









**પ્રશ્ન-૨. આ એકમમાં ધનપાલ શેઠ અને ચારેય વહુઓના ગુણો-સ્વભાવનો સરસ પરિચય મળે છે જણાવો.**

**ઉદાહરણો : મોટી વહુ - ઉછાંછળી, છીછરી બુદ્ધિ**

**૧. ધનપાલ શેઠ -**

**૨. બીજા છોકરાની વહુ -**

**૩. ત્રીજા છોકરાની વહુ -**

**૪. નાના છોકરાની વહુ -**

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. ધનપાલ શેઠ કેવી રીતે ગણતરી વાળા હતા ?

૨. ધનપાલ શેઠના મતે ઘરની વહુ કેવી હોવી જોઈએ ?

૩. ધનપાલ શેઠે વહુઓને ડાંગરના દાણા કેમ આપ્યા ?

૪. ચારેય વહુઓમાં તમને કઈ વહુ ચતુર લાગી ? કેમ ?

૫. ધનપાલ શેઠે વહુઓને શી સલાહ આપી ?

**પ્રશ્ન-૪. નીચેના વાક્યો કોણે ઉદ્દેશીને કહેવામાં આવ્યાં છે ?**

૧. ''એ દાણા જતન કરીને સાચવી રાખજો.''

૨. ''દીકરી, આજથી ઘરમાં કોઠારનો કારભાર તને સોપું છું.''

૩. ''નોકર ચાકર ઉપર દેખભાળ તારે રાખવાની.''

૪. ''એ દાણા તો. તે દહાડે જ પૂરા થઈ ગયા.''

**પ્રશ્ન-૫. નીચેના વાક્યોમાં લાગુ પડતો રૂઢિપ્રયોગ કૌંસમાંથી શોધીને લખો.**

(વાતમાં મર્મ હોવો, વાત માંડીને કહેવી, ઝીણા જીવના હોવું, કણમાંથી મણ થવું, જીવ પરોવી દેવો)

૧. આ દુનિયામાં ઘણા માણસો કરકસરિયા હોય છે.

૨. જો ઈમાનદારીથી મહેનત કરવામાં આવે તો થોડામાંથી વધારે થતાં વાર લાગતી નથી.

___

૩. ઓછું બોલનાર માણસોની વાત રહસ્યમય હોય છે.

___

૪. દીપડો કેવી રીતે માણસનો શિકાર કર્યો તે વાત તેણે વિગતવાર કરી.

___

૫. રામકથા સંભાળવામાં ડોશીમાં એક ચિત્ત થઈ ગયાં.

___

**પ્રશ્ન-૬. દ્વિકર્મક ક્રયાપદ ધરાવતાં ત્રણ વાક્યો લખો.**

**ઉદાહરણ : તસ્લીમા મેડમે દરદીને દવા આપી.**

૧. ___

૨. ___

૩. ___

**પ્રશ્ન-૭. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દ લખો તે શબ્દ આધારે એક એક વાક્ય લખો.**

૧. દેશાવળ ___

___

૨. પુષ્કળ ___

___

૩. ઉદ્ધત ___

___

૪. સામાન્ય ___

___

૫. પત્ની ___

___

# કદમ - ૨૦

પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ અને ચિત્ર આધારે દસ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. એકમ આધારે અધૂરી પંક્તિઓ પૂર્ણ કરો.**

૧. મંજિલ હો જેનું ____________________

____________________ દાતા નહિ જુએ.

૨. ફળો આવે ____________________

____________________ બતાવે છે.

**પ્રશ્ન-૩. નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ એકમમાંથી શોધીને લખો.**

૧. મહેનતુ માણસ કદી ભાગ્યના ભરોસે બેસી રહેતો નથી.

____________________

૨. દાન આપવા વાળો લેનાર કોણ છે એ જોતો નથી.

____________________

૩. પોતાની જાતને ઘસી બધે સુવાસ ફેલાવે છે.

____________________

૪. ઈર્ષારૂપી આગ કદીય ઠારી શકાતી નથી.

____________________

**પ્રશ્ન-૪. પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દાનવીર કેવા હોય છે ?

____________________

____________________

____________________

૨. શૂરવીરનાં લક્ષણો જણાવો.

____________________

૩. સંતની સરખામણી કોની સાથે કરવામાં આવી છે ? કેમ ?

૪. વૃક્ષની ડાળીઓ કેવી રીતે નમ્રતા બતાવે છે ?

૫. ઈર્ષા વિશે કવિ શું કહે છે ?

**પ્રશ્ન-૫. તમને ગમતી કોઈપણ પાંચ સૂક્તિઓ લખો.**

પ્રશ્ન-૬. ઉપરમાંથી ગમે તે એક સૂક્તિ સમજાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પ્રશ્ન-૭. ઉદાહરણ મુજબ ક્રિયા વિશેષણ ધરાવતાં પાંચ વાક્યો લખો.

ઉદાહરણ : ઝયાન <u>ઉતાવળો</u> ચાલે છે.

૧. ______________________________________________

૨. ______________________________________________

૩. ______________________________________________

૪. ______________________________________________

૫. ______________________________________________

પ્રશ્ન-૮. આ એકમમાંથી જોડાક્ષરવાળા પાંચ શબ્દો લખો અને તેમને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

______________________________________________

______________________________________________

# ચાલો, ચકાસીએ...

**પ્રશ્ન-૧. નીચેની જાહેરાતને આધારે પ્રશ્નો બનાવો.**

આ ઓફર એક માસ સુધી જ. પ્રો. આકાશ રીંગવાળા

## સ્માર્ટ મોબાઈલ

❖ અમારે ત્યાં દરેક કંપનીના મોબાઈલ સસ્તા ભાવે મળશે.

❖ અમદાવાદમાં અમારી દરેક શાખા પર આ ઓફરનો લાભ મળશે.

❖ આકર્ષક ઓફર : ૧૫,૦૦૦/- ની કિંમતના મોબાઈલ પર ઈઅર ફોન અને

ટફનગ્લાસ તદ્દન ફ્રી

❖ દસ હજાર કરતાં વધુની રકમના મોબાઈલ પર ફાઈનાન્સનો લાભ મળશે.

**પ્રશ્નો :**

૧. ____________________

જવાબ ____________________

૨. ____________________

જવાબ ____________________

૩. ____________________

જવાબ ____________________

૪. ____________________

જવાબ ____________________

૫. ____________________

જવાબ ____________________

પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ આપો.

(૧) તમારા એક દિવસની દિનચર્યા લખો.

(૨) પરીક્ષા માટે તમે કેવી કેવી તૈયારી કરો છો ? કેમ ?

(૩) 'અતિથિ' એટલે શું ? એના માટે તમે ઘરે કેવી કેવી તૈયારી કરો ?

**પ્રશ્ન-૩. તમારી બહેન વૉલીબોલની રમતમાં નેશનલ લેવલે ભાગ લેવા માટે પસંદગી થઈ. તેની અખબારી નોંધ તૈયાર કરો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૪. નીચે આપેલ લંબગોળમાંથી સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દની યોગ્ય જોડ બનાવો.**

આકાશ જાવક
પાણી પુત્ર પંડ
દુઃખ શરીર પાતાળ સુખ
દીકરો આવક આબ

| **સમાનાર્થી** | **વિરુદ્ધાર્થી** |
|---|---|
| ૧. ____________ | ૧. ____________ |
| ૨. ____________ | ૨. ____________ |
| ૩. ____________ | ૩. ____________ |

પ્રશ્ન-૫. 'પરીક્ષાના લાભાલાભ' વિશે દસ વાક્યો લખો.

પ્રશ્ન-૬. તમને ગમતું કોઈ એક લોકગીત લખી તેનો ભાવાર્થ લખો.

ભાવાર્થ ________________________________________

________________________________________

________________________________________

________________________________________

પ્રશ્ન-૭. તમારા ઘરના સભ્યોને ઉંમર પ્રમાણે ચડતાક્રમમાં ગોઠવી. ત્યારબાદ શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

________ ________ ________ ________

________ ________ ________ ________

શબ્દકોશનો ક્રમ

________ ________ ________ ________

________ ________ ________ ________

પ્રશ્ન-૮. 'પરીક્ષા' એકમમાં મહાદેવના આત્મવિશ્વાસનું વર્ણન કરો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૯. સૂચવ્યા મુજબ કરો.**

**૧. આપેલ વિશેષણનો ઉપયોગ કરીને બે વાક્ય બનાવો.**

(૧) રળિયામણું (૨) પ્રથમ

(૧) ______________________

(૨) ______________________

**૨. કોઈપણ બે શબ્દસમૂહ લખી વાક્ય પ્રયોગ કરો.**

(૧) ______________________

(૨) ______________________

**૩. કોઈપણ એક કહેવત લખી તેને સમજાવો.**

(૧) ______________________

______________________

______________________

______________________

______________________

**૪. વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવો. (કોઈપણ ચાર)**

(૧) ____________ , ____________

(૨) ____________ , ____________

(૩) ____________ , ____________

(૪) ____________ , ____________

૫. તે, તેમણે, તેમનું, તેઓનું સર્વનામનો ઉપયોગ કરીને ફકરો લખો.

પ્રશ્ન-૧૦. કોઈપણ એક દુહો લખી તેને સમજાવો.

પ્રશ્ન-૧૧. વર્તમાનપત્રમાંથી તમને ગમતું ચિત્ર ચોંટાડી તેના વિશે લખો.

**પ્રશ્ન-૧૨. તમારા નામનો પ્રથમ મૂળાક્ષર લખો અને એ મૂળાક્ષર પરથી શબ્દ બનાવો. આમ જે શબ્દ આવે એના છેલ્લા અક્ષર પરથી શબ્દો બનાવો.**

ઉદાહરણ : મ

મંદિર રમકડું ડમરું ...